# મોટર સાયકલની ચોરી કરતા આરોપીને ઝડપી પાડતી
# મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી“બી” ડિવિઝન સ્કોડ, સુરત શહેર

સુરત શહેર વિસ્તારમાં મીલકત સબંધી અનડીટેક્ટ ગુનાઓ શોધી કાઢવા સારૂ “બી” ડીવીઝન સ્કોડના અ.હે.કો. યુવરાજસિંહ સામતસિંહ તેમજ અ.પો.કો. ગજેન્દ્રસિંહ પ્રભાતસિંહ નાઓના ખાનગી બાતમીદાર મારફતે બાતમી હકિકત મળેલ કે ખરવરનગર દશખોલી પાસે આવેલ જાહેર રોડ ખાતેથી  બે ઇસમ ચોરીનુ પેશન પ્રો મો.સા. લઇ ખરવરનગર બી.આર.ટી.એસ. બસ સ્ટેન્ડ તરફ જવાના હોય જેનો રજી. નં.**GJ-21-AJ-6509**છે. જે ચોરીની પેશન પ્રો મોટર સાયકલ લઇને ઉધના ખરવરનગરથી ખરવરનગર બી.આર.ટી.એસ. બસ સ્ટેશન તરફ જવાનો છે. વિગેરે મતલબની બાતમી હકિકત મળતા સદર ઇસમને મો.સા. સાથે પકડી પાડી તેનુ નામઠામ પુછતા તેને પોતાનુ નામ (૧) કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોર તથા (૨) જય સ/ઓ નીતેશભાઇ વસંતભાઇ રાણા ઉ.વ. ૧૮ વર્ષ ૧ મહિનો ૨ દિવસ રહે-ફ્લેટ નં.૧૦૩, નીલકંઠ પાર્ક ખોડીયારનગર ભાઠેના ઉધના, સુરતનો હોવાનું જણાવેલ. મજકુર ઇસમ પાસેથી મળેલ હિરો કંપીનીનું પેશન પ્રો જોતા બ્લેક કલરનું હોય જેની આગળ પાછળની રજી. નંબર પ્લેટ જોતા રજી.નં-**GJ-21-AJ-6509**ની છે. જેનો એન્જીન નંબર જોતા-**JA12ABE9F06469**નો છે તથા ચેસીસ નંબર જોતા-**MBLJA12ACE9F06646** નો લખેલ છે. સદર રજી નં.એકલવ્ય મો. એપ.માં જોતા નો ડેટા એન્ટ્રી આવેલ અને એન્જીન તેમજ ચેસીસ નં. જોતા સાચો નં.**GJ-05-AJ- 5953** જણાય આવેલ જે મો.સા. બાબતે પુછપરછ કરતા આજથી સવા બે મહિના પહેલા અઠવાલાઇન્સ પો.સ્ટે. વિસ્તારના નાનપુરા નવો મહોલ્લા ખાતે જાહેર રોડ પરથી ડુપ્લીકેટ ચાવી વડે મો.સા.નુ લોક ખોલી ચોરી કરેલ હોવાનુ જણાવેલ. જેથી તેની પાસેથી મળી આવેલ સદર હિરો કંપનીનું પેશનપ્રો મો.સા. બાબતે અઠવા પોલીસ સ્ટેશન ખાતે રેકર્ડ ચેક કરાવતા અઠવાલાઇન્સ પો.સ્ટે. I ગુ.ર.નં.૧૫૨/૨૦૧૯ ઇ.પી.કો. કલમ-૩૭૯ મુજબનો ગુનો રજીસ્ટર થયેલ હોય, સદર ગુન્હો વણશોધાયેલ હોય, જે શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.